**આકાશવાણી ભુજ**

**સમાચાર વાચક : કલ્પના શાહ**

**ડીઇઓ : પ્રદીપ ચાવડા**

**તારીખ : 06-08-2024** **સમય : સાંજે 6.25 વાગ્યે**

---

## માનવ કલ્યાણ યોજના 2.0

રાજ્યના નાના ધંધા-રોજગાર કરતા કારીગરો માટે સરકારે પહેલી જુલાઈથી "માનવ કલ્યાણ યોજના 2.0" અમલમાં મૂકી છે. રાજ્યના ઉદ્યોગમંત્રી બળવંતસિંહ રાજપૂતે જણાવ્યું કે, હવે લાભાર્થીઓ પોતાના મનપસંદ સાધન-ઓજારની ખરીદી જાતે જ કરી શકે તે માટે ટૂલકિટના ઇ-વાઉચર અપાશે. લાભાર્થીઓ આ માટે ઈ-કુટીર પૉર્ટલ પર અરજી કરી શકશે.

શ્રી રાજપૂતે કહ્યું, નવી યોજના અંતર્ગત લાભાર્થીઓને પાયાની કૌશલ્ય તાલીમનો પણ વિકલ્પ અપાશે. ગુજરાત માટીકામ કલાકારી અને રૂરલ ટેક્નોલોજી સંસ્થાન, R.S.E.T.I. સહિતની પ્રતિષ્ઠિત સંસ્થાઓ દ્વારા પાંચ દિવસની કૌશલ્ય તાલીમ અપાશે. તાલીમ મેળવવા ઈચ્છુક લાભાર્થીઓને હાજરીના આધારે દૈનિક 500 રૂપિયાનું સ્ટાઈપેન્ડ પણ અપાશે.

RNU અમદાવાદ

---

## ચાંદીપુરા વાઇરસ-રાજ્ય

રાજ્યમાં ચાંદીપુરા વાઈરસ એટલે કે, એન્કેફેલાઈટીસના કુલ કેસની સંખ્યા 157 થઈ છે. અત્યાર સુધીમાં સૌથી વધારે 16-16 કેસ સાબરકાંઠા અને પંચમહાલ જિલ્લામાં નોંધાયા છે. જ્યારે 68 દર્દીના મૃત્યુ નીપજ્યા છે. રાજ્યમાં ચાંદીપુરા વાઈરસના 20 દર્દી હાલમાં હૉસ્પિટલમાં દાખલ છે. જ્યારે 69 દર્દીઓને રજા આપવામાં આવી છે.

આરોગ્યની ટુકડી દ્વારા પોઝિટિવ અને શંકાસ્પદ દર્દીઓના ઘર અને આસપાસના વિસ્તારના ઘર મળી કુલ 52 હજાર 125 ઘરમાં દેખરેખની કામગીરી કરવામાં આવી છે.

RNU અમદાવાદ

---

## નારી વંદન ઉત્સવની જિલ્લામાં ઉજવણી

મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા રાજ્યની મહિલાઓ સામાજિક, આર્થિક, માનસિક અને શારીરિક રીતે સંપન્ન તથા સમાજમાં ગૌરવભેર આગળ વધે તે માટે રાજ્ય સરકાર દ્વારા વિવિધ આયોજન

હાથ ધરવામાં આવી રહ્યા છે. જે અંતર્ગત ૮મી ઓગસ્ટ સુધી “નારી વંદન ઉત્સવ” ની ઉજવણી કરવામાં આવી રહી છે. જેમાં પશ્ચિમ ગુજરાત વીજ કંપની લી.ના વહીવટી સંચાલક પ્રીતિ શર્માના અધ્યક્ષ સ્થાને માધાપરની શાળા ખાતે “બેટી બચાઓ બેટી પઢાઓ” દિવસની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં દરેક દીકરીઓએ પોતાની જાતને શ્રેષ્ઠ માની પોતાના સ્વપ્નને સાકાર કરવા કટીબદ્ધ થવા શીખ અપાઇ હતી. આ ઉપરાંત વિદ્યાર્થીનીઓને ટેકનોલોજીનો વિવેકપૂર્ણ ઉપયોગ કરવા ભલામણ કરાઇ હતી.

આ ઉપરાંત નારી વંદના કાર્યક્રમ હેઠળ ખેતીવાડી ખાતા અને આત્મા યોજના અંતર્ગત મહિલા નેતૃત્વ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં જિલ્લાના તમામ તાલુકામાં ૧૭ જેટલા કાર્યક્રમોમાં ૧૦૮૫ જેટલી મહિલાઓએ હાજરી આપી હતી. આ કાર્યક્રમોમાં મહિલાઓને લગતી યોજનાઓ તથા ખેતીવાડી, બાગાયત, આત્મા કચેરીની યોજનાઓ વિષે માહિતગાર કરવામાં આવી હતી.

માહિતી ખાતુ

---

## સહકારી મંડળીઓની મીટિંગ

કેન્દ્ર સરકારના સહકાર મંત્રાલય અને રાજ્ય સરકાર દ્વારા અમલમાં મુકવામાં આવેલા પાયલોટ પ્રાજેકટ અંતર્ગત તમામ સહકારી મંડળીઓના બેન્ક ખાતાઓ જિલ્લા મધ્યસ્થ સહકારી બેંકમાં

ખોલાવવાના રહેશે. જે અનુસંધાને લખપત તાલુકાની દયાપર ખાતે. નખત્રાણા તાલુકાની નખત્રાણા ખાતે તથા મુંદરા તાલુકાની મિટીંગ મુંદરા ખાતે રાખવામાં આવી છે. જિલ્લાની તમામ પ્રકારની સહકારી મંડળીઓના હોદેદારોએ બેન્કખાતાની વિગતો સાથે મિટીંગમાં હાજર રહેવા જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ભુજની યાદીમાં જણાવાયું છે.

માહિતી ખાતુ

---------------------------------------------------------------------

## રોજગાર દિવસની ઉજવણી

જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી અને મનરેગા યોજના અંતર્ગત ૫૭ જેટલી ગ્રામ પંચાયત ખાતે રોજગાર દિવસની ઉજવણી કરવામાં આવી હતી. જે અંતર્ગત ગ્રામજનોને મનરેગા યોજનાની માહિતી, નવા જોબકાર્ડ, નવા વ્યક્તિગત કામોની માહિતી તથા ગામોમાં કરવાના થતાં સામૂહિક કામોની વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. આ ઉપરાંત જિલ્લાના તમામ ગામોમાં એક પેડ માં કે નામ અંતર્ગત વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું તથા વધુ વૃક્ષોના ઉછેર કરવાના શપથ લેવડાવવામાં આવ્યા હતા.

માહિતી ખાતુ

---------------------------------------------------------------------

# જાહેરનામું

રાજ્યના વિવિધ ભાગોમાં દરિયા કિનારે તથા પાણીના ભારે વહેણ ધરાવતા કોઝ-વે, નદી, નહેર, જળાશયો તેમજ પાણીના ધોધમાં ન્હાવા જવાથી ઘણા લોકોના તણાઈ/ડૂબી જવાથી મૃત્યુ થવાના કિસ્સાઓ અવાર-નવાર બનતા હોય છે જે અંગે ગૃહ વિભાગ દ્વારા આવા ભયજનક સ્થળોએ કોઈપણ વ્યક્તિ/પ્રવાસીઓ ન્હાવા માટે ન જાય તે માટે જરૂરી પ્રતિબંધાત્મક હુકમો બહાર પાડવા સુચના આપવામાં આવી છે. જેથી જિલ્લા મેજિસ્ટ્રેટ અમિત અરોરા દ્વારા સમગ્ર કચ્છ જિલ્લામાં આવેલ તમામ નદી, નાળા, નહેર, ચેકડેમ તથા તેનો નીચાણ વાળો વિસ્તાર, કોઝ-વે તથા નાના મોટા ધોધ જેવા પાણીનું ભારે વહેણ ધરાવતાં ભયજનક સ્થળોએ કોઈપણ વ્યક્તિ/પ્રવાસીઓએ નહાવા જવા, કપડા ધોવા કે માછલી પકડવા માટે પ્રવેશ કરવું નહી તેમજ તે માટે મદદગારી કરવી નહી. તેવું જાહેરનામુ બહાર પડાયું છે. આ ઉપરાંત તમામ ભયજનક સ્થળોએ જોખમી રીતે ઉભા રહી મોબાઈલ/કેમેરામાં ફોટા/સેલ્ફી લેવા નહીં તેવા હુકમ કરાયા છે.

માહિતી ખાતુ

---